ગાંધીનગર સમાચાર



**વડીલોને વંદન**

**અભિનંદન**



સી.ડી. ધનેશ્વર (૧૯૩૯) ફોન: ૨૩૨૨૫૩૫૭



શૌકતહુસેન એ. શેખ (૧૯૫૪) મો.૯૮૨૫૨૭૮૮૯૩

# જૂનાગઢ મનપાની આજે ચૂંટણી

## ૧૫૬ ઉમેદવાર મેદાનમાં : ૪૧ બુથ, ૨૩ ઇમારત અતિ સંવેદનશીલ : પોલીસ અને એસઆરપીનો બંદોબસ્ત હશે : મતદારોને ઓનલાઈન વોટીંગનો વિકલ્પ અપાયો

ગાંધીનગર, તા.૧૯

જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ત્રીજી ચૂંટણી આવતીકાલ તા. ૨૦ જુલાઈને રવિવારના રોજ યોજાશે. ભાજપ અને કોંગ્રેસ માટે આ ચૂંટણી ભારે પ્રતિષ્ઠાભરી હોવાથી રાજકીય ઉત્તેજના પ્રવર્તી રહી છે અને ચૂંટણી પર સૌની મીટ મંડાઈ છે મતદાન તટસ્થ વાતાવરણમાં થાય તે માટે વહીવટી અને પોલીસ તંત્ર દ્વારા જડબેસલાક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આજે સાંજથી ચૂંટણી સ્ટાફ અને બંદોબસ્ત માટે પોલીસ એસઆરપી જવાનો બુથ પર ગોઠવાઈ જશે જુનાગઢ મહાનગરનાં નવા સીમાંકનનાં પરિણામે વોર્ડના સંખ્યા ૧૭માંથી વધીને ૨૦ અને બેઠકની સંખ્યા ૫૧માંથી વધીને ૬૦ બેઠકની થઈ છે. આમ શહેરના ૨૦ વોર્ડની ૬૦ બેઠક માટે ત્રીજી સામાન્ય ચૂંટણી જાહેર થઈ હતી. વોર્ડ નંબર ૨૦માની એક બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર પૂર્વ મેયર સતિષભાઈ વિરડા બિનહરીફ જાહેર થતાં આ ચૂંટણી શરૂઆતથી જ કોંગ્રેસનું પલડુ ભારે રહ્યું છે. આ ચૂંટણીમાં ૩૦ અપેક્ષા સહિત કુલ ૧૫૬ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે જેમાં બસપાના પાંચ ઉમેદવારો પણ પોતાનું રાજકીય ભાવી અજમાવી રહ્યા છે અને ત્રણેય રાજકીય પક્ષોની સાથે ૩૦ જેટલા અપક્ષ ઉમેદવારો પણ મનપા ચૂંટણીનો જંગ લડી રહ્યા છે.

જુનાગઢ કોર્પોરેશનની ચૂંટણી માટે કુલ ૨,૧૧,૨૦૪ મતદારો નોંધાયા છે. જેમાં પુરૂષ ૧,૦૯,૧૮૭ મતદારો અને સ્ત્રી ૧,૦૨,૦૧૭ મતદારો તેમજ ૯૪ સર્વિસ વોટરનો થાય છે. આ તમામ મતદારો ૧૫૬ ઉમેદવારોના રાજકીય ભાવી માટે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. કુલ ૧૫૭ બિલ્ડીગોમાં ૨૦૯ પર મતદાન થશે જેમાં ૪૧ બુથ અને ૨૩ બીલ્ડીંગ અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવેલ છે. આ ચૂંટણીમાં કેશોદના ડીવાયએસપી, બીએસ ટાંક, મહુવાના નાયબ પોલીસ અધિક્ષક પીએન ચૌહાણ અને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ નકુમને જુનાગઢમાં વિશેષ ફરજ સોંપવામાં આવી છે જ્યારે મતદાન દરમ્યાન મતદારોને કોઈ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો પડે નહીં તે માટે કલેક્ટર આલોકકુમાર દ્વારા સંગીન વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. તેમજ ચૂંટણી નિરીક્ષક આરસી મીના જાત દેખરેખ રાખી રહી છે.

ચૂંટણીમાં વિજયી થવા અને મતદારોને રીઝવવા માટે ભાજપ તરફથી વિજયભાઈ રૂપાણી, પરશોત્તમ રૂપાલા, વસુબેન ત્રિવેદી, નરહરી અમીન સહીત ધુરંધર નેતાઓની ફોજ ઉતારવામાં આવી હતી. જ્યારે કોંગ્રેસ દ્વારા પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા, પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ, ડો. હેમાંગ વસાવડા, નિશીત વ્યાસ વગેરેને ચૂંટણી પ્રચાર યુદ્ધમાં ઉતારવામાં આવ્યા હતા.



એક ઈંચ વરસાદમાં ખાડા ઉઘાડા પડયાં... લાંબા ઈંતજાર બાદ વરસાદે પધરામણી કરી અને એક ઈંચ વરસ્યો એમાં તો ઠેક ઠેકાણે પુરાણ કરેલાં ખાડાં ઉઘાડાં પડી રહ્યાં છે. તસવીરમાં દેખાતી કાર વાસણા-હડમતીયાંના રોજના રસ્તે આરામથી જતી હતી અને અચાનક બે ફૂટ નીચે ઉતરી ગઈ... વરસાદમાં તમારો નિયમિત રસ્તો હોય તો પણ દગો થઈ શકે છે. સંભલકે ચલના, ગમે ત્યારે ગાડી ખાડામાં સમાધી લઈ શકે છે.

(તસવીર : સંજય થોરાત)

# આજે કાગવડ ગામે વનમંત્રીના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

આ વર્ષે રાજ્યકક્ષાનો વન મહોત્સવ કાગવડ ખાતે આગામી ૩૦મી જુલાઈના રોજ યોજાશે. વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિને ખાસ પ્રકારનું બળ મળે તે માટે આવતીકાલે તા. ૨૦મી જુલાઈને સવારે ૯ કલાકે આસ્થા કેન્દ્ર ખોડલધામ ખાતે વનમંત્રીના હસ્તે વૃક્ષારોપણનો ખાસ કાર્યક્રમ યોજાશે.


રાજ્યકક્ષાનો વન મહોત્સવ ૩૦મી જુલાઈએ ખોડલધામ મુ. કાગવડ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં બાલિકાઓ અને સિનિયર સીટીજનોના વરદ હસ્તે વૃક્ષારોપણ કરાવી સમાજમાં અનેક નવતર પહેલ કરવામાં આવનાર છે. વન મહોત્સવ દરમિયાન કાગવડ ખાતે શક્તિવનનું નિર્માણ પણ થશે જે આવનારા સમયમાં ફરવા માટેનું પણ ઉત્તમ સ્થળ સાબિત થશે.

# બારકોડેડ રેશનકાર્ડ સુવિધામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે

## બારકોડેડ રેશનિંગથી ભૂતિયા કાર્ડ નાબૂદ : બારકોડેડ રેશનકાર્ડ સુવિધાના લીધે રેશનમાં થતી ગેરરીતી ઓછી થઈ છે : રાજ્યમંત્રી દ્વારા વિગત આપવામાં આવી

અમદાવાદ, તા.૧૯

નાગરીકોને આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી મળી શકે અને તેમાં કોઈ ભ્રષ્ટાચાર ન થાય તેવા ઉમદા હેતુસર રાજ્ય સરકારે શરૂ કરેલ બારકોડેડ રેશનકાર્ડ સુવિધાથી રેશનમાં થતી ગેરરીતી ઓછી થઈ છે અને રાજ્ય સરકારે ઈન્વેસ્ટીગેશન્સના માધ્યમ દ્વારા બારકોડેડ રેશનકાર્ડ આપવાનો અભિગમ કરી દેશમાં એક મોટી પહેલ કરી છે. આ માટે ગુજરાત દેશનું સૌ પ્રથમ રાજ્ય બન્યું છે.



હાલ વિધાનસભા સત્ર ચાલી રહ્યો છે જેમાં પ્રશ્નોત્તરીકાળમાં મોરબીના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ નવા રેશનકાર્ડ અંગે પુછ્યું હતું તેમાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી છત્રસિંહે વિગત આપતા જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં બારકોડેડ રેશનકાર્ડ બન્યું છે. બારકોડેડ રેશનકાર્ડથી ભૂતિયા રેશનકાર્ડ નાબુદ થયા છે અને જરૂરીયાતમંદોને પુરતો લાભ પ્રાપ્ત પણ મળી રહ્યો છે. રેશનકાર્ડમાં પહેલા ખૂબ ગેરરીતી અને ભ્રષ્ટાચાર ચાલતો હતો જેના કારણે જે જરૂરીયાતમંદ લોકો હતા તેઓને સરકારની સહાય મળી શકતી ન હતી. પરંતુ રાજ્ય સરકારે ઈન્વેસ્ટીગેશનના માધ્યમ દ્વારા બારકોડેડ રેશનકાર્ડ આપવાનો નવતર પ્રયોગ હાથ ધર્યા છે જેનાથી હવે જરૂરીયાતમંદોને આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી મળી શકે છે અને ભ્રષ્ટાચાર કે ગેરરીતિ થવાની પણ ખૂબ ઓછી શક્યતા રહી ગઈ છે. બારકોડેડ રેશનકાર્ડ આધુનિક સમયની માંગને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવ્યા હતા. રેશનકાર્ડ માટે બારકોડેડ સિસ્ટમ ધરાવતું ગુજરાત રાજ્ય દેશનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

# રાજ્યભરમાં પોલીસે અનઅધિકૃત વાહનો ઉપરની લાલ, પીળી બત્તી દૂર કરાવી

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત પોલીસ દ્વારા રાજ્યભરમાં અન અધિકૃત વાહનો ઉપર લગાવવામાં આવતી લાલ, પીળી, વાદળી વગેરે રંગની બત્તી દૂર કરવાની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૫૦૦થી વધારે વાહનો ઉપરથી લાઈટો દૂર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા તા. ૧૨-૧-૨૦૦૪ તથા ૧૦-૧૧-૨૦૦૪ થી વાહન ઉપર લાલ રંગની બત્તીનો ઉપયોગ કરવા બાબતે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ બંધારણીય હોદ્દા ધરાવતા મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ તેઓના વાહન ઉપર લાલ રંગની બત્તીનો ઉપયોગ કરી શકે તે ઉપરાંત એમ્બ્યુલન્સ અને અગ્નિશામક વાહનો ઉપર લાલ રંગની બત્તીનો ઉપયોગ કરી શકાશે પરંતુ કેટલાક વાહનો ઉપર લાલ તથા અન્ય રંગની બત્તીનો ઉપયોગ વધુ પ્રમાણમાં થતા અને નિયમનો ઉલ્લંઘન કરી રહ્યા છે જેની સામે પોલીસે લાલ આંખ કરી હતી અને રાજ્યભરમાં ખાસ ઝુંબેશ હાથ ધરી હતી. ઝુંબેશ દરમિયાન ૫૦૦ થી વધારે વાહનો ઉપરથી અનઅધિકૃત રીતે લગાડેલ લાલ તથા અન્ય રંગની બત્તી દૂર કરી તેના ચાલકો તેમજ માલિકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# અમદાવાદમાં પણ વરસાદી માહોલ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ યથાવત રહેતા આજે પણ સવારથી જ વરસાદી ઝાપટાઓનો દોર જારી રહ્યો હતો. આગામી દિવસોમાં પણ આ સ્થિતિ યથાવત રહે તેવી શક્યતા છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, તમામ જગ્યાઓએ વરસાદી ઝાપટા પડી શકે છે. જો કે, આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાનમાં ગઈકાલની સરખામણીમાં વધારો થયો હતો. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ગઈકાલના ૩૧.૭ ડિગ્રીની સામે ૩૩.૫ ડિગ્રી નોંધાયું હતું. તાપમાનમાં ફરી એકવાર વધારો થયો છે. જો કે વરસાદી ઝાપટાઓના લીધે લોકોને હવે તીવ્ર ગરમીથી રાહત મળી ચુકી છે. હવે રોગચાળાનો ખતરો ઉભો થઈ ગયો છે. નિચાણવાળા વિસ્તારોમાં ગંદગી અને પાણી ભરાઈ જવાના કારણે લોકોને મુશ્કેલી નડી રહી છે. તંત્રને વહેલીતકે સાવચેતીના પગલા લેવાની જરૂર છે. અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ આજે પણ અકબંધ રહ્યો હતો.

# ટોલટેક્ષ ગેરકાયદે ઉઘરાવવા સામે જાહેરહિતની અરજી

## ટોલટેક્ષ મુદ્દે મનાઈ હુકમની માંગ : ટોલટેક્ષ મુદ્દે અરજી ઉપર આગામી મગંળવારે સુનાવણી

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં આવેલ વિવિદ ચેકપોસ્ટ બુથો પર ચાલતો ભ્રષ્ટાચારનો મામલો હજુ સમ્યો નથી અને બીજી તરફ ટોલટેક્ષ બુથો પર ઉઘરાવવામાં આવતો ટોલટેક્ષ ગેરકાયદે છે તેનો વિવાદ ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. એક અરજદારે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરી જણાવ્યું છે કે રાજ્યના વિવિધ હાઈવે પર ઉઘરાવવામાં આવતો ટોલટેક્ષ ગેરકાયદે છે. અરજદારે મનાઈ હુકમની માંગ કરી છે. આ અરજીની સુનાવણી આગામી મંગળવારના રોજ યોજાશે. ગુજરાત રાજ્યમાં સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવે પસાર થાય છે. વિવિધ હાઈવે પર ઘણા ટોલટેક્ષ બુથો આવેલા છે. આ વિવિધ ટોલટેક્ષ બુથો પર વાહનોના પ્રકાર પ્રમાણે ટોલટેક્ષ ઉઘરાવવામાં આવે છે. આ ટોલટેક્ષથી રાજ્ય સરકારને રોજની લાખો રૂપિયાની આવક થાય છે. હાલ આ પ્રક્રિયાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે. એક અરજદારે હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરી કોર્ટને જણાવ્યુંછે કે ગુજરાતમાં વિવિધ હાઈવે પર ઉઘરાવવામાં આવતો ટોલટેક્ષ ગેરકાયદે છે અને કોર્ટે તેના પર મનાઈ હુકમ કરવો જોઈએ. અરજીમાં તેમણે મનાઈ હુકમની માંગ કરી છે. હાઈકોર્ટમાં અરજદારે જાહેરહિતની અરજી મારફતે ટોલટેક્ષ મુદાને ઉઠાવતા ખળભળાટ મચી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યની મહત્વની ચેકપોસ્ટો પર લાખો રૂપિયાની ગેરરીતિ આચરાતી હોવાનો મામલો છેલ્લા ઘણાં સમયથી ચાલી રહ્યો છે. અને હવે ટોલટેક્ષ બુથ પર ઉઘરાવવામાં આવતો ટોલટેક્ષનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો છે. હાઈકોર્ટે આ જાહેરહિતની અરજીની સુનાવણી આગામી મંગળવારના રોજ નિયત કરી છે.



નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે રહે તેની પ્રાર્થના કરવા અમદાવાદથી કેટલાક શ્રદ્ધાળુઓ વૈષ્ણોદેવી માટે રવાના થયા હતા.

## શબ્દાવલી - ૫૪૫૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | ૭ | | | ■ | |
| ૮ | ૯ | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| ૧૨ | | | | ■ | ૧૩ | | |
| ■ | ૧૪ | ૧૫ | | | ૧૬ | | ■ |
| ૧૭ | ■ | | ■ | ૧૮ | | | ■ |
| ૧૯ | ૨૦ | | ■ | ■ | ■ | ■ | ૨૧ |
| ૨૨ | | ■ | ૨૩ | | | | |

### આડી ચાવી

૧. ઘોડાર, ઘોડા બળદ બાંધવાની જગ્યા (૩)
૩. પૂજા-પાઠ, પુજા-અર્ચના(૪)
૬. વાગ્યા કે વાઢીયા પર લગાવાતી એક દવા (૪)
૮. હેન્ડપંપ (૨)
૧૦. ... રે ડોલી ઉઠાઓ કહાર... (૨)
૧૧. વેલ (૨)
૧૨. વસ્ત્ર, કપડા (૨)
૧૩. કૃપા (૩)
૧૪. 'ચાટણ' શબ્દ આડોઅવળો (૩)
૧૬. પોપડું (૨)
૧૮. ડાન્સ કે નાચ કરવો (૩)
૧૯. ગમવું (૩)
૨૨. નડવું, ... તર (૨)
૨૩. સુગંધ વગરના રંગબેરંગી ફુલોની વેલ (૫)

### ઊભી ચાવી

૧. ચોરી, ઉઠાંતરી (૪)
૨. લોજીંગ, હોટલ (૨)
૩. માથાકૂટ (૩)
૪. પસ, રસી (૨)
૫. સંતાપ (૪)
૭. ખચકાવું તે (૪)
૯. તેજરેખા, સૂર્યનું... (૩)
૧૧. હેરાન કરવું, નુકશાન કરવું (૪)
૧૩. છળકપટ (૩)
૧૫. ચારણામાં અનાજ ફેરવવું (૩)
૧૭. ગાલે ખાડા પડે તે (૩)
૨૦. ... ઉતર, ચડવું ઉતરવું(૨)
૨૧. કાંટો (૨)

### શબ્દાવલી ૫૪૫૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) મનસૂબો (૫) કાહઠી (૭) દમકદાર (૯) કારીગરી (૧૧) શતક (૧૩) બીક (૧૪) ડીડીટી (૧૬) રીંગણ (૧૮) રોપા (૧૯) કારગત (૨૧) શર (૨૨) ખોળ (૨૪) પરવાનો

**ઊભી ચાવી :-** (૧) મદહોશ (૨) નમ (૩) સૂકલકડી (૪) બોદા (૬) ઠીકરી (૮) રકાબી (૧૦) રીકરીંગ (૧૨) તડીપાર (૧૫) ટીકાખોર (૧૭) ગત (૧૮) રોશન (૨૦) રળવા (૨૩) નર

# અભય ચુડાસમાની પ્રમોશન સાથે પુનઃ નિયુક્તિ સંભવ નથી

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં થયેલ નકલી એન્કાઉન્ટરની સિરિઝમાં સંકળાયેલા અને હાલ જામીન પર મુક્ત સસ્પેન્ડેડ આઈપીએસ ઓફિસર અભય ચુડાસમાએ પ્રમોશન સાથે પુનઃ ફરજમાં લેવા રાજ્ય ગૃહવિભાગને અરજી કરી છે રાજ્ય ગૃહવિભાગે અરજીના પ્રત્યુતરમાં જણાવ્યું છે કે પ્રમોશન સાથે પુનઃ નિયુક્તિ સંભવ નથી. અભય ચુડાસમા થોડા સમય અગાઉ જ સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર કેસમાં મુંબઈ હાઈકોર્ટથી જામીન મેળવી પરત આવ્યા છે.

ગુજરાતમાં થયેલ નકલી એન્કાઉન્ટર સિરિઝમાં સંકળાયેલા સુપર કોપ અભય ચુડાસમાએ પ્રમોશન સાથે ફરજમાં પુનઃ પરત લેવા રાજ્ય ગૃહવિભાગને અરજી કરી હતી. જેમાં રાજ્ય સરકારે પ્રમોશન સાથે પુનઃ નિયુક્તિ શક્ય નથી તેવો પ્રત્યુત્તર આપ્યો છે તેવી આધારભૂત સુત્રો દ્વારા માહિતી મળી છે. અભય ચુડાસમા સોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર કેસમાં છેલ્લા ચાર વર્ષથી જેલમાં બંધ હતો. સોહરાબુદ્દીન-તુલસી પ્રજાપતિ કેસ મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર થતાં તે થોડા સમય સુધી મુંબઈની જેલમાં પણ રહ્યા હતા તેમણે થોડા સમય અગાઉ જ સોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર કેસમાં જામીન મેળવ્યા હતા. જામીન મળતા તે ગુજરાત પરત ફર્યા હતા.

જામીન પર છુટ્યા બાદ તેમની પુનઃ નિયુક્તિ અંગે અટકળો ચાલતી હતી પરંતુ વચ્ચે લોકસભા ઈલેક્શન ચાલતુ હોવાથી તેમની નિયુક્તિનો મામલો પેન્ડીંગ રહ્યો હતો. અભય ચુડાસમાએ ફરજમાં પ્રમોશન સાથે લેવા રાજ્ય ગૃહવિભાગને અરજી કરી હતી જેના પ્રત્યુત્તરમાં રાજ્ય સરકારે જણાવ્યું છે કે પ્રમોશન સાથે પુનઃ નિયુક્તિ સંભવ નથી તેવી આધારભૂત સુત્રો દ્વારા માહિતી મળી છે.

## છત પણ છિનવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અદૃશ્ય થઈ ગઈ છે. સે-૭ની સરકારી શાળાની આવી જ સ્થિતિ છે. શાળામાં ધો-૧૧ અને ૧૨ના કોમર્સ વિષયો માટે શિક્ષકો નથી બીજી તરફ પ્રાથમિક અને માધ્યમિક શાળા હાલ એક જ બિલ્ડીંગમાં ચાલે છે. જેના પરિણામે પૂરતા વર્ગોના અભાવે વિદ્યાર્થીઓને ખુલ્લા આકાશ નીચે બેસાડી પીરીયડ લેવાય છે!!!

## ચોમાસાની જમાવટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગરમીના પ્રમાણમાં જોરદાર ઘટાડો થયો છે. રાજ્યમાં છેલ્લા આજે સવારે આઠ કલાકે પુરા થતાં ચોવીસ કલાકમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. સૌથી વધુ વરસાદ જામનગરના જોડીયા તાલુકામાં ૨૫૮ મીમી એટલે કે ૧૦ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. અન્ય વિસ્તારોમાં વરસાદની સ્થિતિ જોતાં વડોદરા અને મોડાસામાં અનુક્રમે ૨૧૯ મીમી એટલે કે આઠ ઈંચથી વધુ અને ૨૦૦ મીમી એટલે આઠ ઈંચ વરસાદ નોંધાયો છે. ભિલોડા અને બોરસદમાં છ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. ધંધુકા, ધોલેરા, જેતપુર-પાવી, જાંબુઘોડા, કલોલ, વાલોડા, વ્યારા અને કામરેજમાં પાંચ ઈંચથી વધુ તેમજ ૧૬ તાલુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. વધુમાં રાજ્યના ૨૬ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ ૩૯ તાલુકાઓમાં બે ઈંચથી વધુ તેમજ ૫૭ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાનું રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે. જ્યારે આજે દિવસ દરમિયાન સવારના સાત કલાકથી સાંજના છ સુધીમાં દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના કપરાડામાં ૭૬ મીમી, પારડીમાં ૩૯ મીમી વરસાદ થયો હતો. આ ઉપરાંત વડોદરાના વાઘોડીયામાં ૩૧ સુરેન્દ્રનગરના ચોટીલામાં ૨૮, રાજકોટના જરાદણમાં ૨૮, અમરેલીના લાઠીમાં ૩૬ નવસારીના ચીખલીમાં ૨૨ ગણદેવીમાં ૨૬ તથા વાસદામાં ૩૨ મીમી વરસાદ નોંધાયો હોવાનું સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## વિકલાંગતાને...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જતન-માવજતનું યોગ્ય માર્ગદર્શન આપી શકાય તે દિશામાં રાજ્ય સરકાર સમાજશકિત-સેવાભાવી સંગઠનોના સહયોગમાં આગળ વધશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં ૧૯૭૫ થી આંગણવાડીઓ કાર્યરત થઈ પરંતુ આવાં શારીરિક ક્ષતિગ્રસ્ત ભૂલકાંઓ-વિશિષ્ટ બાળકોની સંભાળ-માવજતની ઉપેક્ષા થતી રહી તેની પીડા વ્યકત કરતાં કહયું કે હવે માનવીય સંવેદનાસભર અભિગમ સાથે આવાં ભૂલકાંઓની સારવાર-સુશ્રુષા અને માવજત તથા તેમના સ્વમાનસભર જીવન માટે સરકાર તેમની પડખે ભી છે. શ્રીમતી આનંદીબહેન પટેલે શારીરિક ક્ષતિગ્રસ્ત બાળકોનો સામાન્ય બાળકો જેમ જ સ્વમાનભેર અને હિનતાના ભાવ વિના ઉછેર થાય તેવા સામાજિક વાતાવરણ નિર્માણની અપિલ કરી હતી.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું કે, ગતિશીલ ગુજરાતના મંત્રને સાર્થક કરવા માટે રાજય સરકાર -તિબધ્ધ છે. ત્યારે કુપોષણ સામે જંગની શરૂઆત પણ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી અને મહિલા બાળકલ્યાણનો આગવો વિભાગ રચીને દેશ-દુનિયાને નવો રાહ આપ્યો હતો. એ રાહને આગળ વધારવામાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનના નેતૃત્વમાં વર્તમાન સરકારે આંગણવાડીની બહેનોના વેતનમાં વધારો કર્યો છે.

મહિલા અને બાળકલ્યાણ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં રાજયનું એકપણ બાળક કુપોષણથી ન પીડાય તેવા મંત્ર સાથે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળ રાજય સરકાર જે -યત્નો કરી રહી છે તેમાં સૌનો સાથ અનિવાર્ય છે. ગતિશીલ ગુજરાતના ૧૦૦ દિવસના લક્ષ્યાંક સાથે ગુજરાતે વિકાસની જે ઝડપ લીધી છે ત્યારે રાજય સરકાર ફાઈલોમાં નહિ પણ તમામ વસ્તુઓ લાઈફમાં લાવી રહી છે.

આ -સંગે ગાંધીનગર જિલ્લા પંચાયતના -મુખ શ્રીમતી હિનાબેન પટેલ, અમદાવાદ અંધજન મંડળના ડો. ભૂષણ પૂનાનીએ -ાસંગિક ઉદબોધન કર્યુ હતું. -ારંભમાં સ્વાગત -વચન ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકટર મેકવાને કર્યુ હતું.

ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, શ્રી અશોક પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા -ભારી અગ્રસચિવશ્રી એમ. એમ. ડાગુર, મહિલા બાળવિકાસ વિભાગના સચિવ શ્રીમતી અંજુ શર્મા, ચિલ્ડ્રન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. હર્ષદ શાહ સહિત ગાંધીનગર જિલ્લાના પદાધિકારીઓ-અધિકારીઓ અને આંગણવાડીની બહેનો-કાર્યકરો તથા લાભાર્થી બાળકોના પરિવારજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં.


**ટચૂકડી જાહેર ખબર**

**સાઉન્ડ સીસ્ટમ વેચવાની છે**

ઈકો - મીક્ષર સાથેની સંપૂર્ણ સાઉન્ડ સીસ્ટમ વેચવાની છે.

**મો. : ૯૪૨૮૨ ૧૭૫૫૭**

**ભાડે આપવાનું છે**

સરગાસણમાં 3-BHK ફ્લેટ, ૭૦૦૦/- રૂ. ભાડેથી આપવાનું છે.

**મો. : ૯૨૨૮૮ ૭૬૩૩૬**

**ભાડે વેચાણ આપવાનું છે**

2BHK, 3 BHK, ફ્લેટ, મકાન, બંગલો, ઓફિસ, દુકાન ભાડે આપવા તથા લેવા સંપર્ક કરો.

**મો. : ૯૨૨૮૮ ૭૬૩૩૬**